# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ભાગોળે પહોંચ્યા નથી ને સૂતા સાપ જગાડે છે,
દાબી પૂંછ પાકિસ્તાનની ચિનગારી લગાડે છે,
બગાડે વાતાવરણ આડોશ-પાડોશમાં પણ -
જ્યાં જાય ઉકો ત્યાંથી સૂલેહ-શાંતિ ભગાડે છે!

## હાઈકુ

દિગ્વીજયી એ -
નયનબાણ સામે,
સ્વીકારી હાર

ભ્રષ્ટાચારે જ,
ભાંગ્યું છે મનોબળ -
મનથી હાર્યા...

## ચિંતન

*દૈવન પ્રભુણા સ્વયં જગતિ યદ્યસ્ય પ્રમાણીકૃતં તત્તસ્યો પનમેન્મના ગપિ મહાન્નૈવાશ્રયઃ કારણમ્ ।*
*સર્વાશાપરિપૂરકે જલધરે વર્ષત્યપિ પ્રત્યહં સૂક્ષ્મા એવ પતન્તિ ચાતક મુખે દ્વિત્રાઃ પયોબિન્દવઃ ॥*

સુભાષિત રત્ન ભાંડાગારનાં 'નશીબનો મહિમા' નામના બીજા પ્રકરણમાંથી આ શ્લોક છે :

'સમર્થ દૈવ-ભાગ્ય વિધાતાએ આ જગતમાં જેને માટે જે કંઇ પણ, જે તે સમયે નિર્મિત નક્કી કરેલું હોય છે તે જ તેને, તે સમયે આવી જ મળે છે એમાં નાના-મોટાના આશ્રય કંઇ જ કારણ રૂપ બનતું નથી. (એટલે કે રાજા કે કોઇ અમીરની નોકરીમાં હો કે તદ્દન સામાન્ય માલિકની ચાકરીમાં હો) જેમ કે બધાની ઇચ્છાને પૂરી કરાનારો મેઘ દરેક જગ્યાએ વરસી નદી-તળાવ-સરોવરને પણ છલકાવી દે છે આમ છતાંય ચાતકના મુખમાં તો બે કે ત્રણ ટીપાં જ પડે છે.'

ભાગ્ય-વિધાતા-ઇશ્વર-ને પ્રાર્થન કરવી જ હોય તો આપણને કર્તવ્યના પથે-સત્યનિષ્ઠાથી ચાલવાનું મનોબળ અને શક્તિ આપે એટલા માટે જ કરવી જોઇએ બાકી ટીવી આપ-ફ્રીજ આપ-ઘર બંગલો-ગાડી સત્તા માગવાનો કોઇ અર્થ નથી ઉલ્ટું ભગવાનની વ્યવસ્થામાં ચાંચ મારવાની મૂર્ખાઇ જ છે એને ખબર જ છે કયારે-કોને-કેટલું આપવું વિધિનાં લેખ પ્રમાણે કોમ્પ્યુટરાઇઝડ થઇ જ ગયું છે. નશીબ-પુણ્ય કે પાપ પાકશે ત્યારે એ તમને આવીને જ મળશે.

## સુવિચાર

- દુનિયાની બધી ભાષાઓમાં 'મા'નો અર્થ 'મા' જ થાય છે - **ટાગોર**
- જે સતત ચાલતું રહે છે એ જ જીવન છે - **ચીની કહેવત**
- માણસ જીંદગીની ગયેલી ક્ષણ પાછી નથી ફરવાની એ અનન્યતાનો વિચાર કરે તો તેને એ ક્ષણને બરાબર જીવવાની સાચી તલપ જાગે - **ભૂપત વડોદરિયા**
- જે ગુરૂને આપણી અંગત બાબતો જાણવાની ઉત્સુકતા ન હોય તે સાચો ગુરૂ - **માનસસૂત્ર**
- સમય ઝખમ આપતો હોવાથી નિષ્ણાતો એ ઘડિયાળમાંથી કાંટા જ કાઢી નાખ્યા.. છતાં લોકો પૂછ્યા કરે છે... કેટલા વાગ્યા?? - **કાન્તિ ભટ્ટ**
- જન્મથી મૃત્યુ સુધી જવા માટે જીવન એક પુલ છે, અંધકારથી પ્રકાશમાં જવા માટે જ્ઞાન એક પુલ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આખો દિવસ વીતી જાય અને તમને કોઇ સમસ્યા ન નડે તો સમજજો કે તમે ખોટી દિશામાં જ રહ્યા છો - **મુનિ વાત્સલ્યચંદ્ર**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

મન ઉદ્વિગ્ન, ક્રોધમાં, ઉશ્કેરાટમાં કે જયારે અસ્વસ્થ ડહોળાયેલું હોય ત્યારે કોઇ નિર્ણય-ચર્ચા, સવાલ-જવાબ કે વધારે બોલાચાલી ન કરવી, મૌન ધરી શાંતિથી બેસી રહેવું - ઉશ્કેરાટ-ક્રોધમાં લીધેલા નિર્ણય ખોટા અને નૂકશાન કારક હોય છે.

એક સાંજે ભગવાન બુદ્ધે એક શિષ્યને નદીમાંથી પાણી લાવવા કહ્યું. આશ્રમના ઘાટની પગથી પાસેથી હંમેશાં પાણી આવતું. આ શિષ્ય હતો તો સમજું પણ ક્રોધી અને ક્ષણભરમાં તું-તાં કરી નાખનારો હતો આશ્રમમાં બધા તેની સાથે વ્યવહાર કરવામાં સાવધ રહેતા.

શિષ્ય ઘાટ પર ગયો ત્યાં ૧૫-૨૦ બાળકો નાહતાં અને તોફાન મસ્તી કરતાં હતાં નદીનું પાણી ત્યાં ડહોળાયેલું હતું શિષ્ય પાણી લીધા વિના પાછો આવ્યો. ભગવાનને કારણ કહ્યું - બુદ્ધ કહે, સારું થોડીવાર પછી જજે.

શિષ્ય થોડીવાર પછી ગયો. બાળકો તો નો'તા-ઘાટ પણ ખાલી હતો પણ હજુ માટી સમી ન હતી પાણી થોડુંક ડહોળું હતું...

થોડીવાર પછી ત્રીજી વખત ગયો, હવે નદીનું પાણી શાંત અને સ્વચ્છ કાચ જેવું ચોખ્ખું હતું. સુંદર તળિયું પણ દેખાતું હતું. પાણી ભરી શિષ્યએ ઘડો ભગવાન બુદ્ધ પાસે મૂક્યો...

ભગવાન કહે તું ત્રણ ચાર વાર પાણી લેવા ગયો પણ કંઇ બોધ લીધો? શિષ્યએ નકારાત્મક માથું ધૂણાવ્યું.

ભગવાન કહે, જયારે મન ડહોળાયેલું-ક્રોધ-ઉશ્કેરાટમાં હોય ત્યારે મૌન ધરી બેસી રહેવું-શાંત થાય પછી જ બોલવું...

શિષ્યને સમજ પડી. સ્વભાવ સુધારવા ગાંઠ બાંધી

Email - sureshchandrabhatt18@gmail.com

# વિકટ સંજોગોમાં પણ તમારી દુઃખતી નસ દબાવવા પ્રયત્ન ન કરે તેનું નામ સાચો પડોશી

## સમાજ ચિંતન

- પોપટભાઇ પ્રજાપતિ

ભગવાન ઇશુએ કહેલું કે તું તારા પડોશીને પણ પ્રેમ કરજે પણ ધંધાની કે નોકરીની વ્યસ્તતામાં વડીલો પડોશીને પ્રેમ કરી શકતા નથી પણ સરખી ઉંમરના યુવક/યુવતીઓ કયારેક એકબીજાના પ્રેમમાં પડી જતાં હોય છે આને કારણે કયારેક પડોશી સાથેનાં સંબંધો તંગ બને છે તો કોઇ સમજું પડોશીઓ આવા સંબંધોને સ્વીકારી મંજુરીની મહોર મારી દે છે. જુદી જ્ઞાતિના પડોશમાં રહેતા બે પરિવારો વેવાઇ બન્યાના પ્રસંગો ગાંધીનગરમાં ઘણી વખત બને છે તો પડોશમાં પાંગરેલા પ્રેમને કારણે પડોશી ઘર ખાલી કરીને જતા રહ્યા હોય તેવા પણ પ્રસંગો બને છે. આમ તો કહેવાય છે કે પહેલો સગો પાડોશી ધર્મની વાત કરવી છે.

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે તે એકલો ટેવાયો નથી તેને સમુહમાં રહી પોતાના વ્યક્તિત્વનું ઘડતર કરવું છે. ઘરથી ઝઘડીને અલગ રહેતા યુગલોને પડોશી સાથે ખુબ સારા સંબંધો હોય તેવું પણ બને છે. પ્રત્યેક વ્યક્તિને સુખદુઃખમાં કોઇ પડખે ઊભું રહે કે સામાજિક સમસ્યાઓમાં તેને સધિયારો મળી રહે તેવા પાત્રની જરૂરિયાત હોય છે. કેટલીક વાતો ઘરનાં માણસોને કહેવામાં વ્યક્તિ મુઝાતો હોય ત્યારે આત્મિય પડોશી આગળ હૈયું હળવું કરી શકાય તેવા પડોશીની તેને તલાશ હોય છે. પતિ-પત્ની વચ્ચે અબોલા થઇ જાય તો કયારેક પડોશી સુમેળ કરાવાય છે. આકસ્મિક માંદગી થઇ જાય તો કયારેક પડોશી દ્વારા સમુળે કરાવાય છે. આકસ્મિક માંદગીના પ્રસંગે પડોશીની દોડધામ કે આર્થિક મદદ વ્યક્તિ માટે આશિર્વાદ રૂપ બની જાય છે.

પ્રત્યેક માનવી ઇચ્છે કે તેને માત્ર હાય હલ્લો કહી આવતા જતાં એક મીઠી મુસ્કાન આપે તેવા તાળી મિત્રો કરતાં સમય આવ્યે પોતાની આફત તેના ખભા પર ઝીલી શકે તેવા પડોશી હોવા જરૂરી છે. કોઇ ભાગ્યવાનને જ આવા પડોશી મળતા હોય છે. આવી નીકટતા જેની સાથે કેળવાય તેની સાથેનાં સંબંધોમાં અધિકાર પણ આવે અને માલિકી ભાવ પણ આવે છતાં સંબંધો જળવાઇ રહે તેનું નામ પડોશી ધર્મ. આવા સંબંધો તુટવા માટે નહિં પણ સમયે સમયે મજબુત થવા સર્જાયા હોય છે માટે જ પહેલો સગો પડોશી કહેવાયો છે કારણ કે તે તમારી પ્રત્યેક ગતિવિધિનો સાક્ષી હોય છે. તમારી કૌટુંબિક કે સામાજિક જવાબદારીઓથી તે પરિચીય હોય છે. ગમે તેવા વિકટ સંજોગોમાં પણ તમારી દુઃખતી નસ દબાવવા પ્રયત્ન ન કરે અને તમારી મજબુરીનો લાભ લેવા કોશિશ ન કરે તેનું નામ સાચો પડોશી. પડોશી સુખી અને સંપન્ન હોય તેટલુ પુરતું નથી તે સમજદાર અને લાગણીશીલ હોય તે પણ જરૂરી છે. કેટલાક પડોશી વાણીશુરા પણ હોય અને અણિના સમયે મોં સંતાડી દે. કેટલીક વાર દુષ્ટ પડોશી એવી વિકૃત માનસિકતા ધરાવતા હોય છે કે તે દિવસમાં એકાદવાર કોઇની સાથે ઝઘડે નહિ ત્યાં સુધી તેને ચેન ન પડે મકાન ખરીદતી વખતે એટલે જ લોકો લોકેશન જોતા હોય છે. આ લોકેશન એટલે જ આજુ બાજુ પડોશીઓ કેવા છે તે. એક પડોશી એવી માનસિક વિકૃતિવાળો હતો કે પડોશી નવા કપડા પહેરે તે જોઇ ઉશ્કેરાઇ જાય અને ગમે તેમ બોલવા લાગે. આજુબાજુના લોકો તેની માનસિકતાથી ટેવાઇ ગયેલા એટલે વાતનું વતેસર કદી થતું નહીં. ક્યારેક સોસાયટીમાં એવું પણ બને કે એકાદ માથાભારે વ્યક્તિ આખી સોસાયટીનું જીવવું હરામ કરી દે છે, કાયમ સૌને ઉચાટમાં જ રાખે છે. પરિણામે શાંતિપ્રિય માણસો કજિયાનું મોં કાળું કરી એનાંથી દૂર રહેવામાં જ ઔચિત્ય ગણે.

પડોશીના ઝઘડામાં મોટે ભાગે સ્ત્રીઓની ભૂમિકા મહત્ત્વનો ભાગ ભજવે છે કયારેક બાળકોની સામાન્ય તકરાર પણ મોટા ઝઘડાનું સ્વરૂપ ધારણ કરે છે. પડોશી સુખી હોય, સમૃદ્ધ હોય પાંચ માણસમાં પુછાતો હોય તેના ઘરે સંબંદીઓની અવરજવર વધુ રહેતી હોય તો પણ કેટલાક વાંકદેખા પડોશીઓને ઝઘડાનું રૂપ આપે છે. એક મકાન માલિકના ઘરની બહાર લીમડો વાવેલો. બાજુનો પડોશી ભેંસ રાખતો હતો. આ ભેંસ કાયમ પડોશીના આંગણે લીમડા નીચે બાંધી રાખે. મકાન માલિકે વાંધો લેતાં તેણે ઝઘડો કર્યો કે તારા ઘર બહારની જમીન પર તારો થોડો અધિકાર છે? ઝઘડો કાયમ ચાલ્યા કરે છેવટે તે સજ્જને સસ્તા દરે આ વ્યક્તિને મકાન વેચી દેવાની ફરજ પડી.

ગાંધીનગર પડોશીઓની બાબતમાં કમનસીબ છે તેમ કહી શકાય. અહીં ગુજરાત ભરનાં અને આઉટ સ્ટેટના પણ કર્મચારીઓ રહેતા હોવાથી પડોશીઓમાં આત્મિય ભાવ કેળવાતો નથી. અહિં કલાસ વન અધિકારીને કલાસ ટુ અધિકારી સાથે સંબંધ રાખવામાં નાનમ લાગે છે. ગામડા જેવો વાટકી વહેવાર તો અહીં જવલ્લે જ જોવા મળે છે. સામાન્ય લાગણી આ બાબતમાં સ્ત્રીઓ કાયમ એક બીજાના સંપર્કમાં રહે છે. સુખદુઃખની આપલે કરી કયારેક મન હળવું કરી લે છે. એકબીજાને પુછીને રસોઇમાં પારંગત થાય છે. દિવાળીના દિવસોમાં મોહનથાળ, મગસ, ઘુઘરા કે ચોરાફળી બનાવવામાં એકબીજાને મદદરૂપ થાય છે. પોતાની ગેરહાજરીમાં તેમના કોઇ સંબંધીઓ આવ્યા હોય તો પણ પડોશી તેમને સાચવી લે છે. આ માટે પડોશી સાથેનાં સંબંધોમાં મીઠાશ લાવવી ખુભ જરૂરી છે ફક્ત એક તરફી સારા સંબંધોની અપેક્ષા રાખવી વ્યવહારિક નથી. આવા લોકો સારા પડોશી બની શકતા નથી જુના સેકટરોમાં સરકારી નોકરી કરતાં કર્મચારીઓમાં જેવો પડોશીધર્મ સચવાતો તેવો આત્મિય પડોશીભાવ નવા સેકટરોમાં પોતાના મકાનમાં ગયા પછી જળવાતો નથી. જુના સેકટરોની વસાહતને યાદ કરી કયારેક જુના વસાહતીઓ ગદ્ગદીત બની જાય છે.

ગાંધીનગરમાં જયાં કલાસ વન અધિકારીઓ રહે છે તેવા એક મોટા બંગલામાં એક વાર ખરા બપોરે એક ટ્રક આવે છે. ઘરનું તાળું ખોલી આખા ઘરનો માલસામાન ભરીને રવાના થઇ જાય છે આજુબાજુના પડોશીઓ કોઇએ એ જાણવાની દરકાર પણ ન કરી કે અચાનક કેમ ઘર ખાલી થવા માંડ્યું? અને તસ્કરો આબાદ રીતે ચોરી કરીને આખું ઘર સાફ કરી ગયા. આ કેવો પડોશી ધર્મ?

સંબંધો બનાવવા અને ટકાવવામાં સમજદારી જરૂરી છે સમજદારી કે સહનશીલતાના સ્વભાવથી સંબંધોમાં તિરાડ પડતા વાર લાગતી નથી. પડોશી સાથેનાં સંબંધોમાં અહમ્નો ટકરાવ કયારેય ચાલી શકે નહિ. પ્રત્યેક વ્યક્તિના સ્વભાવની અનુકૂળતા તેમજ જરૂરિયાત મુજબ સંબંધો રચાતા હોય છે. હાસ્યલેખક જયોતિન્દ્ર દવેએ લખેલું કે પડોશીઓ એ પ્રકારનાં હોય છે. પાડો + ડોશી, કેટલાક પાડા જેવા મતલબ કે ખાઇ પીને પડ્યા રહે. બાજુમાં શું ચાલે છે? કોણ રહે છે? તેની કોઇ જ દરકાર નહિ જયારે કેટલાક ડોશી જેવા હોય છે મતલબ કે બાજુમાં કોણ આવ્યું? કેમ આવ્યું? કેટલા સમય રોકાયું? તે સંબંધી છે કે કોઇ ફાલતું માણસ? વગેરે બધી જ પુછપરછ કરે.

પડોશીઓમાં કયારેક એવું પણ બને છે કે બે જીગરજાન પડોશી કોઇ સામાન્ય બાબતે એક બીજાના દુશ્મન બની જાય એકબીજા વગર રહી ન શકતા મિત્રો એકબીજાના પડછાાયા કાપતા થઇ જાય જયારે આવા પ્રસંગો બને ત્યારે મિત્રના ઇરાદા ખરાબ છે તેવું ધારી લેવાને બદલે તમારી માનસિકતા એને કયાં નડી ઘઇ એનું ચિંતન તમારે કરવું રહ્યું. તમારી થકી તેની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે કે તેના આત્મ સન્માનને ઠેસ પહોંચે તેવું વર્તન તો નથી થયું ને? તમે સારા પડોશી બનવા માગતા હોય તો તમારા પડોશીના ગુણ-અવગુણ કે તેની માનસિકતા સમજવા પ્રયત્ન કરી તેની સાથે તાલમેલ કરવા પ્રયત્ન કરવો. વિકૃત મનોદશા વાળા વ્યક્તિઓ સાથે સંબંધોની પળોજળ કર્યા વગર તેને નવગજના નમસ્કાર કરવા એ જ ઉચિત છે આવા વ્યક્તિઓને ભગવાન પણ સુધારી ન શકે. સારા પડોશી હોવા એ સદ્ભાગ્યની નિશાની છે. જેઓ કાયમી બીઝી રહેતા હોય કે બીઝી હોવાનો ડોળ કરતા હોય તેઓ સારા પડોશી બની શકતા નથી કે સારા પડોશી મેળવી પણ શકતા નથી. સૌ પ્રમાણિકતા પૂર્વક પડોશીધર્મ બજાવે તો માનવીના દુઃખો કેટલા ઓછા થઇ જાય?

# નવા કંપની એક્ટ ૨૦13 મુજબ કંપની લો બોર્ડને ચુકાદા આપવા પર પ્રતિબધ્ધ

## વાત કાયદા કાનૂનની...

- અશ્વિન વી. ત્રિવેદી

હાલમાં કંપનીના વિલીનીકરણ - જોડાણ અને વાઈન્ડીંગના કેસો નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચલાવવામાં આવે છે તેની સામે માંદી કંપનીઓના કેસનું નિરાકણ બોર્ડ ઓફ ઇન્ડસ્ટ્રીયલ ફાયનાન્સ એન્ડ રીસ્ટ્રક્ચરીંગ દ્વારા કરવામાં આવે છે. આજ રીતે કંપની લો બોર્ડ દ્વારા કંપનીઓ દ્વારા આચરવામાં આવતી ગેરરીતિઓ, મીસ મેનેજમેન્ટ ઉપરાંત શેર ટ્રાન્સફર, સુધારણા તથા રજીસ્ટ્રેશન ઓફ પાવર સહિતના કેસો ચલાવવામાં આવી રહ્યા છે.

નવા કંપની એકટ ૨૦૧૩ નીકલમ ૩૪૩ થી ઉપરોકત ત્રણેયની સત્તાઓ નેશનલ કંપની લો ટ્રીબ્યુનલને ટ્રાન્સફર કરવામાં આવેલ છે.

કંપની એકટ ૨૦૧૩ ની કલમ-૫૮ માં કરવામાં આવેલી જોગવાઈ મુજબ કોઈ પ્રાઈવેટ કંપની ૩૦ દિવસની અંદર શેર ટ્રાન્સફર ના કરી આપે ત્યારબાદ ૩૦ દિવસમાં જ નેશનલ કંપની લો ટ્રીબ્યુનલમાં અરજી કરી શકાય છે આ જ રીતે શેર ટ્રાન્સફર કરી આપવાના બદલે કંપની શેર ટ્રાન્સફરની અરજી કરનારને વળતી નોટીસ આપે તો તેવા સંજોગોમાં નોટીસને પણ નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ (દ્રઝ્રઌ) માં પડકારી શકાય છે. પબ્લીક કંપનીના શેર ટ્રાન્સફર કરવાની બાબતમાં પણ આ જ પ્રકારની જોગવાઈ કરવામાં આવેલ છે પરંતુ તેને માટેની સમય મર્યાદા અલગ અલગ રાખવામાં આવેલ છે.





કંપની એકટ ૨૦૧૩ નીકલમ ૫૯ માં શેર હોલ્ડર તરીકે નામ રજીસ્ટર કરવાનું રહી ગયેલ હોય તો તે ભૂલ સુધારી આપવાને લગતી અરજી કરી શકાય છે. સદર અરજી કર્યા પછી પૂરતા કારણોઆપ્યા સીવાય જ કોઈ કંપની વ્યકિતનું નામ શેર ધારક રજીસ્ટરમાં દાખલ ન કરે તો તે શેરધારક નેશનલ કંપની લો ટ્રીબ્યુનલમાં અપીલ કરી શકે છે આજ રીતે નામ કમી કરવામાં આવ્યું હોય તો પણ અપીલ થઈ શકે છે.

નવા કંપની લો એકટની કલબ -૨૪ અમલી બનાવવામાં આવેલ છે તેની સાથે કંપની એકટ ૨૦૧૩ ની જોગવાઈ મુજબ કંપની લો ટ્રીબ્યુનલની રચના કરવાની જો કે હજી બાકી છે તે સીવાય જ સદર કલમ ૫૮ અને ૫૯ ને અમલમાં મુકવામાં આવી છે. જે ભૂલ સુધારવા માટે મીનીસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ પણ રીમુવલ ઓફ ડિફિકલ્ટીઝ બોર્ડ ૨૦૧૩ જાહેર કરેલ છે એમ.સી.એ. મીનીસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સનો આ ઓર્ડર જ ગેરકાયદેસર છે. અત્યારે કંપની લો બોર્ડની મુંબઈ, કલકતા અને ચિન્નાઈ અને દિલ્હીની બેંચ કાર્યરત છે પરંતુ સી.એલ.બી.ની બેંચના સભ્યની સંખ્યા એકમાત્ર જ છે.

આજ રીતે કંપની એકટ ૨૦૧૩ ની કલમ ૪૧૯ માં કરવામાં આવેલી જોગવાઈઓ મુજબ દ્રઝ્રઌ ના ઓછામાં ઓછા બે મેમ્બર હોવા જરૂરી છે આ સંજોગોમાં કલમ-૨૪-૫૮ને ૫૯ ની અરજી સાંભળવા માટે પણ બે મેમ્બર હોવા અત્યંત જરૂરી છે તેની સામે કંપની લો બોર્ડમાં એક જ સભ્ય છે તેથી કંપની લો બોર્ડને આ અરજીઓનું હિયરીંગ કરવાની કોઈ જ સત્તા નથી.

રીમુબલ ઓફ ડિફિકલ્ટીઝ ઓર્ડર હેઠળ કંપની લો બોર્ડને નવી મેટર કે મેટર હિયરીંગ પર લેવાની સત્તા જ નથી તેમની પાસે અત્યારે જ મેટર ચાલી રહી છે તે જ આગળ વધારવાની સત્તા આપવામાં આવી છે બીજી તરફ નવા કાયદા હેઠળ કંપની લો બોર્ડને બરખાસ્ત કરી દેવામાં આવ્યું છે તેને સ્થાને કંપની લો બોર્ડની રચના કરવાની જોગવાઈ કરવામાં આવી છે આ રીતે કલમ- ૫૮ અને ૫૯ હેઠળ દ્રઝ્રઌ ને સત્તા આપવામાં આવી છે. રીમુબલ ઓફ ડિફિકલ્ટીઝમાં ઝ્રન્મ્ ને સત્તા આપવામાં આવી છે. આ બન્ને પરસ્પર રીતે વિરોધાભાસ છે જે કંપની એકટની જોગવાઈઓને સુસંગત નથી. રીમુબલ ઓફ ડિફિકલ્ટીંઝના માધ્યમથી મીનીસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ કાયદાની ઉપરવટ જઈ શકે જ નહિ ઝ્રન્મ્ માં કેસ ચલાવવાનો તેમનો ઓર્ડર ગેરકાયદેસર ગણાય તેમ છે તેના ચુકાદાઓ આગામી દિવસોમાં ચોક્કસ વિવાદ જગાડશે તે નક્કી છે પરંતુ હાલમાં સદર ચુકાદાની કંપનીઓની ગેરરીતિઓ, મીસમેજમેન્ટ, શેર ટ્રાન્સફર કેસો ચલાવતું કંપની લો બોર્ડ જ ગેરકાયદેસર સાબીત થયેલ છે નવા કંપની એકટ ૨૦૧૩ ની કલમ ૨૪, ૫૮ અને ૫૯ ની જોગવાઈઓની કંપની એકટ તથા લો બોર્ડ ઉપર શું અસર પડશે તે આગામી દિવસોમાં માલુમ પડશે.

# વૃક્ષનાં સુંદર અવતરણો

## વૃક્ષ વિશેનાં અવતરણો
## વન્યસૃષ્ટિ પરિચય

- હેમંત સુથાર

ઘણા બધા મહાનુભાવોએ વૃક્ષનાં સુંદર અવતરણો કર્યા છે તેને માણીએ...

**"The best time to plant a tree is twenty years ago. The second best time is now."**

**- Anonymous**

વૃક્ષ વાવવાનો પ્રશ્ન ઉત્તમ સમય ૨૦ વર્ષ પહેલાનો હોય છે અને બીજો હમણાં આજેજ હોય છે.

- એનોનયમસ

**"We abuse the land becuuse we regard is as commodity belonging to us. When we see land as a community to whice we belong, we may begin to use it with love and respect."**

**- Aldo Leapold**

આપણે ધરતીને જયારે વસ્તુ તરીકે જોઇએ છીએ ત્યારે તેનું અપમાન કરીએ છીએ અને જયારે તેને આપણા પૈકી ગણીએ છીએ ત્યારે તેને પ્રેમ અને સન્માનથી જોઇએ છીએ.

- આલ્ડો લીઓપોલ્ડ

**"My heart is Glad my heart is high**
**With sudden ecstasy;**
**I have given back, before I die,**
**Some thanks for every lovely tree**
**That dead men grew for me."**

**- V.H.Friedieender**




મારું હૃદય આનંદિત છે. મારું હૃદય આકસ્મિક ધન્યતા અનુભવે છે. મે મારા મૃત્યુ પહેલાં તે વૃદ્ધનો આભાર માન્યો જેને મારા માટે સુંદર વૃક્ષો વાવ્યા હતા.

**"Look deep into nature, and then you will undertand everyting better."**

**- Albert Einstein**

પ્રકૃતિને ઊંડાણપૂર્વક જુઓ અને તે પછી તમને બધું



જ સરસ રીતે સમજાઇ જશે.

- આલ્બર્ટ આઇન્સ્ટાઇન

**"What did the tree learn from the earth to be abls to talk with the skt?"**

**- Pablo Neruda**

વૃક્ષ ધરતી પાસેથી જે શીખે છે તેની આકાશ સાથે વાક કરવા સક્ષમ છે?

**"Though a tree grows so high, the falling leaves return to the root."**

**- Malay proverb**

વૃક્ષ ભલે ખૂબ જ ઊંચાઇ ધારણ કરે પરંતુ તેના પર્ણો તો તેના મૂળ પાસે જ પડે છે.

- મલય કહેવત

**"Keepa green tree in your heart and perhaps a singing bird will come."**

**- Chinese Proverb**

તમારા હૃદયમાં એક લીલા વૃક્ષને સ્થાન આપી જુઓ અને શક્ય છે કે કોઇ ગાતું પક્ષી આવું ચઢે.

- ચીની કહેવત

**"Adopt the pace of nautre; her secret is Patience."**

**- Ralph Waldo emerson**

પ્રકૃતિનું સ્થાન સ્વીકારો; તેનું રહસ્ય શાંતિ છે.

**"Along with myself**
**The trees bend to caress me**
**The shade hugs my heart"**

**- Candy Polgar**

હું મારે જાત સાથે એકલો હોઉં છું, ત્યારે વૃક્ષ મારી કાળજી લેવા ઝુકે છે.

તેનો છાંયો મારા હૃદયને આલિંગન કરે છે.